સૌરાષ્ટ્ર-કચ્છમાં ૪ ઈંચ સુધી વરસાદ

અમદાવાદ, તા. ૧૪

સૌરાષ્ટ્રમાં સતત ત્રીજા દિવસે વરસાદી માહોલ જોવા મળ્યો છે. તો, કચ્છ પંથકમાં પણ આજે મેઘરાજાએ ધડબડાટી બોલાવી હતી. સૌરાષ્ટ્ર-કચ્છમાં એકથી ચાર ઈંચ સુધીનો વરસાદ પડ્યો હતો. જેના કારણે અનેક વિસ્તારોમાં વરસાદી પાણી ફરી વળ્યા હતા. નોંધનીય એ હતું કે, આજે સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાય પંથકમાં કરા સાથે વરસાદ તૂટી પડયો હતો. સૌરાષ્ટ્ર-કચ્છના વિસ્તારોમાં ભરશિયાળે વરસાદ ચાલુ રહેતાં ખેડૂતોના ઉભા પાકને વ્યાપક પ્રમાણમાં નુકસાન થયુ હોવાનું સામે આવ્યુ છે, જેને લઇ ખેડૂતોની મુશ્કેલી વધી છે. સૌરાષ્ટ્રના ધોરાજીમાં બપોર બાદ અચાનક વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો અને ગાજવીજ સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. બે ઈંચથી વધુ વરસાદ પડતા રસ્તાઓ પર પાણી ભરાયા હતા. ગ્રામ્ય વિસ્તારોમાં કલાણા ગામમાં ત્રણ ઈંચ વરસાદ નોંધાયો હતો, તો આટલા ભારે વરસાદથી ખેડૂતોની મુશ્કેલી વધી છે. ધોરાજી પંથકમાં મગફળી અને કપાસના પાકને વ્યાપક પ્રમાણમાં નુકસાન પહોંચ્યું છે. જામનગરના નિકાવા, ખાનકોટડા, બાંગા ટોડા અને બાલભડી ગામે ભારે વરસાદ વચ્ચે કરા પણ પડયા હતા. તો, જૂનાગઢમાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદી ઝાપટુ વરસ્યું હતું. ધોરાજીના છત્રાસા ગામે કરા સાથે વરસાદ વરસ્યો હતો. આજે જૂનાગઢમાં બપોર બાદ ગાજવીજ સાથે ધોધમાર વરસાદી ઝાપટું વરસી જતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઇ હતી. આ જ પ્રકારે જામનગરમાં પણ ગાજવીજ સાથે વરસાદ પડ્યો હતો. અમરેલી સહિતના પંથકોમાં પણ ચાલુ રહેલવા વરસાદને લઇ પાકને વ્યાપક નુકસાન થયુ હતું. ગોંડલમાં ઝરમર વરસાદ પડ્યો હતો. તો, દ્વારકાના સલાયા સહિતના પંથકોમાં પણ કરા સાથે ભારે વરસાદ નોંધાયો હતો. દરમ્યાન કચ્છમાં ગઇ મોડી રાત્રે ખડીર પંથકમાં શરૂ થયો હતો. જ્યારે આજે ગુરુવારે વિવિધ વિસ્તારોમાં કરા સાથે વરસાદ ખાબક્યો હતો. લખપતના દયાપર અને માતાના મઢ ખાતે ધોધમાર વરસાદ સાથે કરા પડ્યા હતા. જ્યારે ખાવડા અને આસપાસના વિસ્તારોમાં કરા સાથે બે ઈંચથી વધુ વરસાદ ખાબક્યો હતો. જ્યારે લખપત તાલુકાના કોટડામઢ ગામ પાસે ખેતરમાં કામ કરતા યુવક પર વીજળી પડતા તેનું મોત નીજપ્યું હતું.

ડીસા પોસ્ટ ઓફિસમાં કર્મચારીઓની મનમાની સામે નગરજનો દ્વારા હંગામો

સીસી ટીવી કેમેરાના અભાવના કારણે કર્મચારીઓને મોકળું મેદાન

બનાસકાંઠાના ડીસામાં આવેલી પોસ્ટ ઓફીસમાં સરકારી બાબુઓની મનમાની બહાર આવી છે જેમાં સવારથી જ મોટી સંખ્યામાં અરજદારો કામ અર્થે પોસ્ટ ઓફિસમાં લાઈનો લગાવી ઉભા હોય છે તેવા સમયે જવાબદાર કર્મચારીઓ પોતાના વ્યક્તિગત કામો માટે બહાર નીકળી જતા અરજદારો અટવાઈ પડે છે જેથી ગઈકાલે અરજદારોએ ભારે હંગામો મચાવ્યો હતો.

ડીસામાં કાર્યરત એવી પોસ્ટ ઓફિસમાં દિવસ દરમિયાન અનેક અરજદારો રીકરીંગ, બચત , રજીસ્ટર સહિતના અનેક કામો લઈ આવતા હોય છે જોકે સવારથી પોસ્ટ ઓફિસમાં અરજદારોનો ભારે ધસારો હતો તેવા સમયે મુખ્ય પોસ્ટ માસ્તર એકા એક કોઈ કામસર બહાર નીકળી જતા અરજદારો રઝળી પડ્યા હતા તેવા સમયે જાગૃત નાગરિક અને એડવોકેટ સુભાષભાઈ ઠક્કર તથા એડવોકેટ આર. કે. ચૌહાણ ત્યાં આવી જતા આ બાબતે મુખ્ય અધિકારીનો ટેલીફોન પર સંપર્ક કરવાની કોશીશ કરી હતી પરંતુ મુખ્ય અધિકારી પોતાના પારીવારીક કામકાજ અર્થે રજા ઉપર હતા જ્યારે તેમની જગ્યાએ ઈનચાર્જ અધિકારીને પુછતાછ કરતાં સર્વર ડાઉન હોવાનું બહાનું આગળ

મુક્યું હતું વળી, ઓફીસમાં લાઈટ ના હોઈ આ પરીસ્થીતી ઉભી થાય છે જીઈબી શાખા ગમે તે સમયે લાઈટ પણ ગુલ કરી દેતા ભારે મુશ્કેલી સર્જાઈ હતી અને લાઈટ આવે તે પહેલાં આ તમામ કર્મચારીઓ રીસેસ હોવાનું જણાવી જતા રહ્યા હતા આ બાબતે જાગૃત નાગરિક એવા સુભાસભાઈ ઠક્કરએ જણાવ્યું હતું કે ડીસા પોસ્ટ ઓફિસમાં આ રોજિંદી સમસ્યા છે અધિકારી ઓની મનમાનીના કારણે અરજદારો હેરાન પરેશાન થાય છે પોસ્ટ ઓફિસમાં રીશેશનો કોઈ નિયમ નથી અને સવારે ૧૦ થી ૪ વાગ્યા સુધીનો સમય અહીં દર્શાવાયો હોવા છતાં પોસ્ટ માસ્તર પોતાના વ્યક્તિગત કામે ચાલ્યા ગયા હતા આ મામલે સરકાર દ્વારા ઓફિસ ખાતે સીસી ટીવી કેમેરા લગાવવા જોઈએ કેમ કે પોસ્ટ ઓફિસ ખાતે અનેક સિનિયર સીટીઝનો બચત ફિક્સ ડિપોઝીટ મુકવા આવતા હોય છે જેથી આવા સમયે કોઈ બનાવ બને તો જવાબદારી કોની ? આ ઉપરાંત સીસી ટી વી કેમેરાના કારણે વહીવટ માં પણ પારદર્શકતા આવી શકે અને દરેક કર્મચારી સમયસર ફરજ બજાવે અને અરજદારોના કામ થાય તે અત્યન્ત જરૂરી છે

ડીસા પોર્સ્ટ ઓફિસના સરકારી બાબુઓની આ તાનાશાહી સામે બુધવારે જાગૃત નાગરિક આર. કે. ચૌહાણ દ્વારા દ્વારા ફરિયાદ બોક્સમાં પોતાની ફરીયાદ કરવાનું જણાવતાં પોસ્ટ ઓફીસમાં બોક્સ પણ ક્યાંય નજરે ના પડતા જાગૃત નાગરિક દ્વારા ફરિયાદ બોક્સ ક્યાંક છુપાવી દીધું હોવાનું પણ જણાવાયું હતું બે કલાકની રકઝક બાદ ઈનચાર્જ અધિકારી દ્વારા બોક્સ શોધીને રજું કરાયું હતું જોકે સરકારના નીયમ મુજબ ફરિયાદ બોક્સ જાહેરમાં મુકવાનું હોય છે જ્યાં અરજદાર પોતાની ફરીયાદ નોંધાવી શકે પરંતુ ડીસા પોસ્ટ ઓફીસમાં સરકારી બાબુઓ દ્વારા સરકારના નિયમોને ઘોળીને પી ગયા હોઈ તેવું સ્પષ્ટ દેખાઈ આવ્યું હતુંફ.

જ્યારે હાજર અરજદારો દ્વારા પોસ્ટ ઓફીસના કર્મચારીઓનો ઉધડો લીધો હતો અને ફરિયાદ બોક્સમાં પોસ્ટ ઓફીસમાં સતાધિશો સામે પોતાની ફરીયાદો નોંધાવી હતી જ્યારે એક મહીલા દ્વારા ત્રણ દિવસથી પોસ્ટ ઓફીસમાં વિધવા સહાયનું ફોર્મ ભરવા ધક્કા ખાઈ રહી છે પરંતુ પોસ્ટ ઓફીસના સત્તાધિશો દ્વારા આ મહીલાનું ફોર્મ ભરી આપવામાં ન આવતું હોવાની પણ ફરિયાદ મહિલા દ્વારા કરવામાં આવી હતી ડિજિટલ ઈન્ડિયાની વાતો કરતી આ સરકારમાં અધિકારીઓની મનમાનીથી અનેક અરજદારો અટવાઈ રહ્યા છે ત્યારે જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા તાત્કાલિક અસરથી ડીસા પોસ્ટ ઓફીસના મુખ્ય અધિકારી તથા કર્મચારીઓ સામે લાલ આંખ કરીને ફરજ પ્રત્યેનું ભાન કરાવે તે જરૂરી બની ગયું છે તેવી અરજદારો દ્વારા માંગ પણ કરવામાં આવી રહી છે .

ડીસામાં બટાકાના વાવેતર સમયે કમોસમી વરસાદથી બિયારણ બગડી જતા ખેડૂતોને પારાવાર નુકશાન

સમગ્ર રાજયમાં સતત કમોસમી વરસાદના પગલે ખેતી સહિતના પાકોને વ્યાપક નુકસાન થવા પામ્યું છે ધરતીપુત્રોને મોઢે આવેલો કોળિયો છીનવાઈ જતા તેમની હાલત કફોડી બની છે તેમાંય બટાકા નગરી તરીકે દેશભરમાં ખ્યાતિ પામેલ ડિસામાં દિવાળી બાદ મોટાપાયે બટાકાનું વાવેતર થાય છે જો કે આ વર્ષે ચોમાસાની વિદાય થયા બાદ પણ સતત વરસાદ પડી રહ્યો છે તેમાંય ડીસામાં ખેડૂતો લાભપંચમ બાદ બટાકાના વાવેતરના શ્રીગણેશ કરતા હોય છે તેમ ખેડૂતોએ પંજાબ થી મોંઘા ભાવના બિયારણ લાવી તેના વાવેતરની શરૂઆત કરવાની તૈયારીમાં હતા તેવા સમયે જ સમગ્ર ડીસા તાલુકામાં કમોસમી વરસાદ પડવાની શરૂઆત થઈ હતી સતત વરસાદના પગલે ખેતરોમાં પાણી ભરાઈ જતા બિયારણ માટે લાવેલ બટાકા માં ફૂગ લાગી જવા પામી હતી જ્યારે ખાતર બગડી ગયું હતું આ ઉપરાંત ખેતરમાં વાવી દીધેલ તમામ બિયારણ પણ પાણી ભરાવાના કારણે બગડી જવા પામ્યુ હતું ડીસા નજીક આવેલા કાટ , રાણપુર ,વાસણા અને જુનાડીસા સહિતના ખેડૂતોને મોટું નુકસાન વેઠવું પડે તેવી સ્થિતિ સર્જાવા પામી છે.

એક વીઘા બટાકા વાવણીમાં ૫૦ હજારનો ખર્ચ

ખેડૂતને એક વીઘામાં બટાકા ના વાવેતર પાછળ ૫૦ હજાર જેટલો ખર્ચ થાય છે જોકે આફત બની આવેલા આ વરસાદના લીધે ખેડૂતને ફરી થી ખેતરમાં ટ્રેકટર ફેરવી નવેસર થી વાવેતર કરવું પડે તેવી સ્થિતિ સર્જાવા પામી છે ખેડૂતોને થયેલા આ નુકસાન બાબતે સરકાર સર્વે કરી અન્ય પાકોમાં સહાય આપતી હોય ત્યારે બટાકામાં પણ આ બાબતે વિચાર કરવો જોઈએ તેવી ખેડૂતોની લાગણી છે.

અગાઉના નુકશાનની પણ સહાય મળી નથી

ડીસા સહિત જિલ્લામાં આ વખતે ભાદરવા મહિના બાદ પણ અવારનવાર કમોસમી વરસાદ ખાબકી રહ્યો છે જેનાથી ખેડૂતોને ન ભરપાઈ થઈ શકે તેટલું નુકશાન થયુ છે તેમાં સરકાર દર વખતે સહાય ચુકવવાની જાહેરાતો કરે છે પણ ખેડૂતોને પાક વિમાની પણ સહાય નથી મળી.તેથી ખેડૂતોએ સરકાર ઉલ્લુ બનાવતી હોવાના આક્ષેપો કર્યા હતા.

નાબુદ થશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુખ્યમંત્રીએ જણાવ્યું કે ૨૦મી નવેમ્બરથી તમામ ચેકપોસ્ટ પર કર અને ફી વસુલાતની કામગીરી બંધ થશે વાહન માલિકો અને ટ્રાન્સપોર્ટરો કર અને ફી ની ચુકવણી ઓનલાઈન કરી શકશે. જો કે જેમની પાસે ઓનલાઈનની વ્યવસ્થા નથી તેઓ ઓફલાઈન પણ ફી ની ચુકવણી કરી શકશે. જેના માટે નજીકમાં આવેલી આરટીઓ કચેરીનો સંપર્ક કરવાનો રહેશે. ચેક પોસ્ટ નાબૂદ થવાથી ભ્રષ્ટાચાર કઈ રીતે દૂર થઈ શકશે તેવા પ્રશ્નના જવાબમાં મુખ્યમંત્રી રૂપાણીએ જણાવ્યું હતું કે દર વર્ષે ચેકપોસ્ટો પર ૯૦ લાખથી વધુ મોટા વાહનોની અવરજવર થાય છે. જેને કારણે સમય બગડે છે અને લાઈનો લાગે છે. ચેકપોસ્ટ બંધ થવાથી તેનો સ્ટાફ એન્ફોર્સમેન્ટમાં જોડાઈ જશે અને આ કર્મચારીઓને એક હેન્ડ ડિવાઈસ આપવામાં મેન્યુઅલી કામગીરીમાં ભ્રષ્ટાચારની શક્યતા વધુ હોય છે, પરંતુ હેન્ડ ડિવાઈસમાં તમામ કામ અને દંડની રકમ વગેરે કમ્પ્યુટરાઈઝ્ડ થતું હોવાને કારણે ભષ્ટાચારની શક્યતા રહેશે નહીં.

સત્રનો પ્રારંભ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંખ્યા પણ વિશેષ હતી. જયારે બીજીતરફ દિવાળી વેકેશન દરમિયાન ડેન્ગ્યુનો રોગચાળાએ ભરડો લેતા કેટલાક વિદ્યાર્થીઓ અને પરિવારજનોની મજા બગડી હતી. શહેરમાં દિવાળી વેકેશન દરમિયાન શાળા કોલેજોમાં સુનકાર જોવા મળ્યો હતો. જયારે ગુરુવારથી શાળા કોલેજો શરૂ થતા શાળા સંકુલો વિદ્યાર્થીઓના કોલાહલથી ગુંજી ઉઠ્યુ હતુ. સવારથી જ શહેરના માર્ગો પર સ્કુલ વર્ધીના વાહનો દોડતા થયા હતા. વિદ્યાર્થીઓ સ્કુલ ડ્રેસમાં સજ્જ જોવા મળ્યા હતા. સવારથી જ નગરના માર્ગો પર વિદ્યાર્થીઓની અવરજવર જોવા મળી હતી. શાળા સંકુલો આસપાસ પણ વિદ્યાર્થીઓ અને વાલીઓની ભીડ જોવા મળી હતી. દિવાળી બાદ બીજા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થતા વિદ્યાર્થીઓમાં પણ ઉત્સાહનુ મોજુ જોવા મળ્યુ હતુ. શાળાઓમાં નવા વર્ષની શુભેચ્છા પાઠવતા શિક્ષકો અને વિદ્યાર્થીઓની સાથે શૈક્ષણિક સંકુલોમાં અનોખા ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. સવારથી જ સ્કુલ ડ્રેસમાં સજ્જ વિદ્યાર્થીઓ હાથમાં દફતર લઈને શાળાએ જતા નજરે પડતા હતા. શહેરના શૈક્ષણિક સંકુલોમાં જીવંત વાતાવરણ જોવા મળ્યુ હતુ. લાંબા દિવાળી વેકેશનની મજા બાદ વિદ્યાર્થીઓ બીજા શૈક્ષણિસ સત્રના પ્રારંભે અભ્યાસમાં લાગી ગયા હતા. શૈક્ષણિક સંકુલો પણ ગાજતા થઈ ગયા હતા.

ક્લીનચીટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કોઈ મામલે રાજકીય ભાષણબાજીથી દુર રહેવા માટે રાહુલને સલાહ આપી છે. રાફેલ મામલે રિવ્યુ પિટિશનનોને ફગાવી દેવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યુ છે કે રાફેલ મામલે ફરીથી તપાસ કરવાની કોઈ પણ જરૂર નથી. સુપ્રીમ કોર્ટે રાહુલ ગાંધીના વડાપ્રધાન અંગે કરવામાં આવેલા નિવેદનને લઈને દુખ વ્યક્ત કર્યુ હતુ. રંજન ગોગોઈની નિવૃતિ પહેલા આજે ત્રણ મોટા નિર્ણય આવ્યા હતા. જેમાં સબરીમાલા, રાફેલ અને રાહુલ ગાંધીના ચોર હે વાળા નિવેદનનો સમાવેશ થાય છે. સુપ્રીમ કોર્ટે રાહુલ ગાંધીની સામે તિરસ્કારની કાર્યવાહી સાથે સંબંધિત કેસને પણ બંધ કરી દીધો છે. સાથે સાથે સુપ્રીમ કોર્ટે એવા લોકોને પણ ચેતવણી આપી દીધી છે જે વિચાર્યા વગર કોર્ટના મામલે પણ કોણ નિર્ણય અને નિવેદન કરતા રહે છે. ૧૪મી ડિસેમ્બર ૨૦૧૮ના દિવસે રાફેલ ડીલ મામલે સુપ્રીમ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપીને મોદી સરકારને મોટી રાહત આપી હતી.

સબરીમાલા

● અનુસંધાન પહેલાનું ચાલુ

દિવસે સુપ્રીમ કોર્ટ દ્વારા ચુકાદો આપવામાં આવ્યા બાદ સુપ્રીમ કોર્ટના ચુકાદાની સામે હિંસક વિરોધ પ્રદર્શન પછી ૫૬ ફેરવિચારણા અરજી સહિત ૬૫ અરજી દાખલ કરવામાં આવી હતી. આ તમામ અરજીઓ પર ચીફ જસ્ટીસ રંજન ગોગોઈના નેતૃત્વમાં પાંચ જજની બંધારણીય બેંચ દ્વારા આજે આ ચુકાદો આપવામાં આયો છે. બંધારણીય બેંચે છઠ્ઠી ફેબ્રુઆરીના દિવસે આ મામલે ચુકાદો સુનાવણી પૂર્ણ કરી લીધા બાદ અનામત રાખ્યો હતો.

દોર યથાવત

● અનુસંધાન પહેલાનું ચાલુ

બનશે. તેમણે કહ્યું હતું કે, મહારાષ્ટ્રને સ્થિર સરકાર આપવા માટે શિવસેના, એનસીપી અને કોંગ્રેસ દ્વારા રાજયસ્તરીય નેતાઓની એક કાર્યક્રમ નક્કી કરવા બેઠખ યોજી હતી. ત્રણેય પાર્ટીઓના નેતાઓએ ખુલ્લા દિલથી બેઠકમાં હાજરી આપી હતી. મુસદ્દાને આખરી ઓપ આપવા માટે કોઈપણ પ્રકારની તકલીફ નડી ન હતી. રાજ્યની પ્રજા અને ખેડૂતોના હિતમાં વહેલીતકે નિર્ણય લેવામાં આવે તેવા સંકેત મળી રહ્યા છે. ૧૭મી અને ૨૦મી નવેમ્બરની વચ્ચે મહારાષ્ટ્રમાં નવી સરકારની રચના થઈ શકે છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ભિલોડા તાલુકા ભાજપના પ્રમુખ-મહામંત્રીની વરણી

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા ભાજપ સંગઠનના નવિન પ્રમુખ, મહામંત્રીની નિમણુંક સંદર્ભે માર્કેટયાર્ડમાં બેઠક યોજાઈ હતી. ભાજપના હોદ્દેદારો, કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ભિલોડા તાલુકા ભાજપ સંગઠનના નવિન પ્રમુખ કાંતીલાલ એન.પટેલ, મહામંત્રી એન.કે.કલાસવા, ભવાનભાઈ કે. ઠાકોરની વરણી કરાતા સર્વત્ર આનંદની લાગણી પ્રસરી હતી. અરવલ્લી જીલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રણવીરસિંહ ડાભી,અરવલ્લી જીલ્લા પંચાયત પુર્વ પ્રમુખ નેહાબેન પટેલ, હસમુખભાઈ મડીયા, પી.સી.બરંડા, નિલાબેન મડીયા, રાજેશભાઈ નિનામા, અમરતલાલ બરંડા, કાનજીભાઈ ઠાકોર, ભીખાભાઈ પટેલ, ઈન્દ્રજીતસિંહ રાઠોડ, યોગેશભાઈ બુધ્ધ, મનોજભાઈ પટેલ, ગુણવંતભાઈ ત્રિવેદી, ગજાનંદભાઈ પ્રજાપતિ, બી.ટી.નાયી, મુકેશભાઈ ત્રિવેદી, ગુલાબચંદભાઈ પટેલ, કમલેશભાઈ મહેતા, બિપીનભાઈ પટેલ, રામઅવતાર શર્મા, જગદીશભાઈ પટેલ, અલ્પાબેન ઠાકોર, શ્રધ્ધાબેન જોષી, શૈલેષભાઈ મોથલીયા, મયંકકુમાર ચૌધરી, રણવીરસિંહ સિસોદીયા, જીતેન્દ્રસિંહ રાઠોડ, સંકેતકુમાર ચૌધરી, ગુંજનકુમાર ચૌધરી, હિરેનકુમાર રાવલ ભાજપના હોદ્દેદારો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

તલોદ તાલુકાના ગામોમાં સરકારની વિવિધ સહાય યોજનાઓથી વંચિત લાભાર્થીઓ શોધવાની મામલતદાર કચેરી દ્વારા ઝુંબેશ

તલોદ, તા. ૧૪

તલોદ મામલતદાર કચેરીની વિવિધ સહાય યોજનાઓ દ્વારા લાભો આજદિન સુધી મળ્યા નથી. આવા લાભાર્થીઓને ઘર-ઘર સુધી પહોંચાડવાની ઝુંબેશ માટે વિવિધ કચેરીઓની અલગ અલગ ટીમો બનાવી ગામોગામ મુલાકાત કરાશે.

રાજ્ય અને કેન્દ્ર સરકારના એક અભિગમ મુજબ ગરીબ અને સાચા છેવાડાના હકદાર સહાયકોને જિલ્લા કલેક્ટરના પરિપત્ર મુજબ તલોદ મામલતદાર એ.એમ. ચૌહાણ બેસ્ટ કામગીરી એવોર્ડ મેળવનાર અધિકારીએ નિરાધાર વિધવા, ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન (વય વંદના યોજના) નિરાધાર વૃદ્ધ/અપંગો, રાષ્ટ્રિય કુટુંબ સહાય યોજના (સંકટ મોચન) જેવી અનેક સહાયોને પાંચ તબક્કામાં પ્રથમ તબક્કો ૧૭-૧૧-૧૯ના રોજ મહેસુલી વિભાગ, તલાટી કમ મંત્રી, આંગણવાડી કાર્યકર, આશાવર્કર, વ્યાજબી ભાવની દુકાનદાર સંચાલકોને સોંપણી કરવામાં આવી છે. બિજો તબક્કો ૨૪-૧૧-૧૯ના પૂર્ણ કરવા મહેસુલ અને તલાટી કમ મંત્રી દ્વારા યોજના ઘડવામાં આવી છે. ત્રીજો તબક્કો ૩૦-૧૨-૧૯ સુધી સર્કલ ઓફીસર તેમજ પુરવઠા વિભાગ જવાબદારી સોંપાઈ છે. જ્યારે ચોથા તબક્કામાં ૫-૧૨-૧૯ના રોજ સુપરવિઝન પુરવઠા, મહેસુલ અને સર્કલ ઓફીસર તેમજ તલાટી કમ મંત્રી અને પાંચમાં તબક્કો નક્કી કરેલ સમયમર્યાદામાં સમાજ સુરક્ષા ઓપરેટરોને કરવાની રહેશે. આ તમામ સહાયોથી તમામ હક્કદારોને આવરી લઈ પગભર કરવા સરકારનો અભિગમ તલોદ મામલતદાર દ્વારા પૂર્ણ કરાશે.

અરવલ્લી જિલ્લામાં ૨.૯૬ લાખ બાળકોની આરોગ્ય તપાસણી કરાશે

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જિલ્લામાં આગામી ૨૫-૧૧-૨૦૧૯ થી

૩૦-૦૧-૨૦૨૦ સુધી નવજાત શિશુથી ૧૮ વર્ષ સુધીના તમામ બાળકોની આરોગ્ય તપાસ કરી સારવાર આપવામાં આવશે. અરવલ્લી જિલ્લા પંચાયતમાં ઈન્ચાર્જ કલેક્ટર અનિલ ધામેલીયાની અધ્યક્ષતામાં શાળા આરોગ્ય તપાસણી તેમજ સારવાર અંગે બેઠક યોજાઈ હતી, જેમાં આરોગ્ય વિભાગના અધિકારી ડૉ. અમરનાથ વર્મા, શિક્ષણ વિભાગ, વન વિભાગ, સિંચાઈ વિભાગ, પશુપાલન વિભાગના અધિકારીઓ જોડાયા હતા. શાળા આરોગ્ય કાર્યક્રમ ૨૦૧૯-૨૦ અંત્રગત આરોગ્ય, શિક્ષણ, પંચાયત, પુરવઠા, વન વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગના સંકલનથી પ્રથમ દિવસે સ્વચ્છતા, બીજા દિવસે આરોગ્ય ચકાસણી, ત્રીજા દિવસે પોષણ દિવસ, ચોથા દિવસે તબીબી તપાસ અને પાંચમા દિવસે સાંસ્કૃતિક કાર્યક્રમ આરોગ્ય, શિક્ષણ અને પંચાયત દ્વારા યોજવામાં આયોજિત કરાયા છે.

અરવલ્લી જિલ્લામાં શાળા આરોગ્ય તપાસ અંત્રગત જિલ્લામાં કુલ ૩૧૨૮ સંસ્થાઓમાં ૨,૯૬,૨૩૪ બાળકો અભ્યાસ કરે છે. જેમાં પ્રાથમિક શાળામાં કુલ ૧,૪૭,૫૨૧, ઉ. માધ્યમિક શળાના કુલ ૫૫,૫૧૪, આંગણવાડીના કુલ ૮૫,૬૧૩, અન્ય શાળાના કુલ ૬,૯૫૭, તેમજ શાળાએ ન જતાં ૬૨૯ જેટલા બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવશે. આ માટે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા કુલ ૪૪૬ ટીમ બનાવાઈ છે, જેમાં ૯,૯૦૭ જેટલા કર્મચારીઓ શાળા આરોગ્ય તપાસ કાર્યક્રમમાં જોડાશે.

વર્ષ ૨૦૧૮-૧૯માં અરવલ્લી જિલ્લામાં કુલ ૨,૯૩,૯૮૮ બાળકોની શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત તપાસ તેમજ સારવાર કરવામાં આવી હતી, જેમાં હૃદય રોગના કુલ ૨૫૯ બાળકોને સારવાર આપી હતી અને ૪૯ બાળકોના ઑપરેશન કરવામાં આવ્યા હતા. તો કિડની રોગના ૪૫ બાળકોને સારવાર આપવામાં આવી જેમાંથી ૩ બાળકોના ઓપરેશન કરાયા હતા. તેવી જ રીતે કેન્સર રોગના કુલ ૨૫ બાળકોને સારવાર અપાઈ જેમાંથી ૧ બાળકનું ઓપરેશન કરવામાં આવ્યું હતું.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ